©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXV] TUESDAY, 13th AUGUST, 2024/SRAVANA 22, 1946 [No. 96**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**


## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી-૨૦૨૪
### મત નોંધવા માટેની તારીખનું જાહેરનામુ

ક્રમાંક : મઉમશબ/ચૂંટણી-૨૦૨૪/મ.તા./૩૨૭/૨૦૨૪.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૧) થી ખંડ-(૯) માં નિર્દેશ કરેલ મત વિભાગના બોર્ડ સભ્યોની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ-૫ ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ-૩(૧) મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી માટે જેઓએ મતદાર તરીકે નોંધણી કરાવેલ છે તેઓએ મત નોંધવા (મતદાન) માટે ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ-૭(૧) મુજબ મતદારો તા. ૨૪-૦૯-૨૦૨૪ ને મંગળવારના રોજ સવારે ૦૮-૦૦ કલાકથી સાંજના ૦૫-૦૦ કલાક દરમિયાન મતદાન (મત નોંધણી) કરી શકશે જેની સૌ નોંધાયેલા મતદારોએ નોંધ લેવી.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૩-૦૮-૨૦૨૪**

**અર્ચના ચૌધરી**
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંગેના વિવિધ તબક્કાઓનું જાહેરનામુ

ક્રમાંક : મઉમશબ/ચૂંટણી-૨૦૨૪/તબ.તા./૩૨૯/૨૦૨૪.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૧) થી ખંડ-(૯) માં નિર્દેશ કરેલ સંવર્ગો અનુસાર બોર્ડના સભ્યોની ચૂંટણી માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૫ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ ક્રમાંક-૭(૨) પ્રમાણે ''ચૂંટણી અંગેના વિવિધ તબક્કાઓનું જાહેરનામુ'' નોંધાયેલા મતદારો માટે આજ રોજ તા. ૧૩મી ઓગષ્ટ, ૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ | વાર |
|---|---|---|---|
| ૧ | મતદાર યાદી પ્રસિદ્ધિ અંગે અધ્યક્ષની જાહેર નોટીસ | ૧૩-૦૮-૨૦૨૪ | મંગળવાર |
| ૨ | ચૂંટણીની તારીખનું જાહેરનામુ | ૧૩-૦૮-૨૦૨૪ | મંગળવાર |
| ૩ | ઉમેદવારોના નામોની દરખાસ્ત મંગાવવાની જાહેર નોટીસ | ૨૦-૦૮-૨૦૨૪ | મંગળવાર |
| ૪ | ઉમેદવારોના નામોની દરખાસ્ત કરવા માટેની આખરી તારીખ (સમય બપોરના ૦૩-૦૦ કલાક સુધી) | ૦૨-૦૯-૨૦૨૪ | સોમવાર |
| ૫ | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ (સમય સવારના ૧૧-૦૦ કલાકથી) | ૦૩-૦૯-૨૦૨૪ | મંગળવાર |
| ૬ | સંવર્ગવાર નોંધાયેલા ઉમેદવારોની યાદીની પ્રસિદ્ધિ | ૦૩-૦૯-૨૦૨૪ | મંગળવાર |
| ૭ | ઉમેદવારીપત્રો પાછા ખેચવાની તારીખ (સમય સવારના ૧૧-૦૦ કલાકથી બપોરના ૦૩-૦૦ કલાક દરમિયાન) | ૦૪-૦૯-૨૦૨૪ થી ૦૬-૦૯-૨૦૨૪ | બુધવાર થી શુક્રવાર |
| ૮ | હરીફ ઉમેદવારોના નામની આખરી યાદીની જાહેરાત | ૧૦-૦૯-૨૦૨૪ | મંગળવાર |
| ૯ | મત નોંધવા માટેની તારીખ(મતદાન તારીખ) | ૨૪-૦૯-૨૦૨૪ | મંગળવાર |
| ૧૦ | મત ગણતરીની તારીખ | ૨૬-૦૯-૨૦૨૪ | ગુરૂવાર |
| ૧૧ | પરિણામની જાહેરાતની તારીખ | ૨૬-૦૯-૨૦૨૪ | ગુરૂવાર |
| ૧૨ | ચૂંટાયેલા ઉમેદવારોના નામ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાની તારીખ | ૨૭-૦૯-૨૦૨૪ | શુક્રવાર |

**નોંધ :-**

(૧) ઉમેદવારીપત્રો જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી તેમજ બોર્ડની કચેરી ખાતેથી તા.૨૦/૦૮/૨૦૨૪ ને મંગળવાર થી તા. ૩૧-૦૮-૨૦૨૪ શનિવાર સુધી કચેરી સમય દરમિયાન રજાના દિવસો સિવાય મળી રહેશે.

(૨) બોર્ડની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ પોતાના ભરેલા ઉમેદવારીપત્રો ચૂંટણી અધિકારીશ્રીને જાતે અથવા તેમણે આ અર્થે લેખિત અધિકૃત કરેલા પ્રતિનિધિ મારફતે હાથોહાથ મોડામાં મોડા તા. ૦૨-૦૯-૨૦૨૪ ને સોમવારના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦/બી, જુના સચિવાલયની બાજુમાં, ગાંધીનગર ખાતે બપોરના ૦૩:૦૦ કલાક સુધીમાં રજૂ કરવાના રહેશે. ઉમેદવારીપત્રો ટપાલ / કુરીયર દ્વારા મોકલવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે નહી અને તે માન્ય રહેશે નહિ.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૩-૦૮-૨૦૨૪**

**અર્ચના ચૌધરી**
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સામાન્ય ચૂંટણી-૨૦૨૪
### મતદાર યાદી પ્રસિધ્ધિ અંગેની જાહેર નોટીસ

ક્રમાંક : મઉમશબ/ચૂંટણી-૨૦૨૪/૩૨૮/૨૦૨૪.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યોના ખંડ-(૧) થી ખંડ-(૯) માં નિર્દેશ કરેલ સંવર્ગોના સભ્યોની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ યોજાનાર છે. સંવર્ગવાર મતદાર યાદીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ-૫ ના પરિશિષ્ટ-અ માં નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૩(૧) હેઠળ આખરી મતદાર યાદી તૈયાર કરવામાં આવેલ છે તેમજ નિયમ-૩(૨) હેઠળ અધ્યક્ષ દ્વારા પ્રમાણિત થયેલ આખરી મતદાર યાદી નિયમ-૪ હેઠળ પ્રસિધ્ધ કરવાની જોગવાઈ અનુસાર રાજયમાંથી સંવર્ગવાર નોંધાયેલ અને આખરી થયેલ મતદાર યાદીઓની પ્રિન્ટ કરેલી નકલો જે તે જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જે-તે જિલ્લાની સંવર્ગવાર મતદાર યાદી તેમજ સમગ્ર રાજયના તમામ સંવર્ગો માટેની નકલો બોર્ડની કચેરીમાં તા. ૧૩-૦૮-૨૦૨૪ થી તા. ૨૦-૦૮-૨૦૨૪ સુધી જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન જોઈ શકાશે. જેની નોંધાયેલા મતદારોએ નોંધ લેવી.

**નોંધ :** જિલ્લાવાર, સંવર્ગવાર ખંડ-(૧) થી ખંડ-(૯) માં નોંધાયેલા મતદારોની ફોટા સાથેની મતદાર યાદીની નકલ બોર્ડની વેબસાઈટ gsebeservice.com ઉપરથી વિનામૂલ્યે ડાઉનલૉડ કરી શકાશે. જો બોર્ડની કચેરી ખાતેથી મતદાર યાદી મેળવવી હોય તો બોર્ડની વેબસાઈટ પર દર્શાવેલ જિલ્લાવાર, સંવર્ગવાર નિયત કરેલ કિંમત જેટલી રકમ બોર્ડની કચેરીમાં ચલણથી, બેંક મારફતે કે ડીમાન્ડ ડ્રાફ્ટથી જમા કર્યેથી દિન-૦૩ માં નકલ બોર્ડની કચેરી માંથી રૂબરૂ મેળવી લેવાની રહેશે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૩-૦૮-૨૦૨૪**

**બંછાનિધિ પાની**
અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2024.08.13 11:49:26 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot